# ખેતી નિયામકશ્રીની કચેરી

# કૃષિભવન, ગાંધીનગર.

## પાક શાખા

## પ્રકરણ-૧ પ્રસ્તાવના

- ભારત સરકારશ્રીએ તા.૧૨/૧૦/૨૦૦૫થી અમલમાં આવેલ તે પ્રમાણે માહિતી અધિકાર અધિનીયમ, ૨૦૦૫ની રચના કરેલ છે જે મુજબ ભારતનો કોઇ પણ નાગરિક નિયત ફી ચૂકવી અથવા ગરીબી રેખાથી નીચે જીવતો હોય તો વિના મૂલ્યે સરકારશ્રી પાસેથી માહિતી માગી શકે છે.
- આપુ સ્તિકા દ્વારા ખેતી ખાતાને લગતી માહિતી નાગરિકો મેળવી શકે તે અંગેની વિગત આપવાનો પ્રયત્ન કરવામાં આવેલ છે.
- આ પુસ્તિકા માહિતી મેળવવા ઇચ્છતા ભારતના કોઇપણ નાગરિકને ઉપયોગી નીવડશે.
- આ પુસ્તિકામાં પ્રકરણ ૧ થી ૧૭માં માહિતી પત્રકવાર અને અથવા મુદ્દાવાર આપવામાં આવેલ છે. સદરહુ માહિતી અધ્યતન કરવામાં આવી રહી છે.
- આ અંગે માહિતી આર.ટી.આઇ. એક્ટ ૨૦૦૫ની ગુજરાતી નકલમાં તેમજ આ અંગેના નિયમો દર્શાવવામાં આવેલ છે. તે મુજબ વ્યાખ્યાઓ ધ્યાને લેવાની રહેશે.
- આ પુસ્તિકામાં ઉપલબ્ધ ન હોય તે માહિતી મેળવવા માટેની કાર્ય પધ્ધતિ કઇ માહિતી માગી છે તેના આધારે કહી શકાશે. અરજી પત્રકની ફી રૂ. ૨૦.૦૦ છે અને એક પાનાદીઠ માહિતીના રૂ. ૨.૦૦ તેમજ સીડી અથવા ફ્લોપીમાં માહિતી માટે રૂ. ૫૦.૦૦ ફી પેટે ચૂકવવાના રહેશે. ગરીબી રેખાની નીચે જીવતા નાગરિકે કોઇપણ પ્રકારની ફી ચૂકવવાની રહેતી નથી પરંતુ પોતે ગરીબી રેખા હેઠળ જીવે છે તે અંગેનો આધાર રજુ કરવાનો રહેશે.

## <u>પ્રકરણ-૨ શાખાની વિગતો, કાર્યો અને ફરજો</u>

બી.ટી. કપાસનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અંગેની યોજના પાક વિભાગની યોજના છે. જેમાં રાજ્યના બી.ટી. કપાસ ઉગાડતા તમામ ખાતેદાર ખેડૂતોને આ યોજનાનો લાભ આપવામાં આવે છે.

યોજનાનો મુખ્ય ઉદ્દેશઃ

આ યોજનાનો મુખ્ય હેતુ ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવાનો તથા કપાસ પાકનું વાવેતર કરતાં તમામ ખેડૂતોને જમીનની ફળદ્રુપતા જળવાઈ રહે તે માટે માઇક્રો ન્યૂટ્રીયન્ટ અને બાયો ફર્ટીલાઈઝરના ઉપયોગ કરવા પ્રોત્સાહિત કરવાનો છે.

- <u>કાર્યો અને ફરજો :</u>
    - આ યોજના રાજ્ય સરકાર દ્વારા ચાલતી પ્લાન યોજના છે.
    - અધિક ખેતી નિયામકશ્રી (વિ.) ગાંધીનગર આ યોજનાની રાજ્ય કક્ષાની તાંત્રિક કામગીરી સંભાળે છે.
    - યોજના અંતર્ગત પ્રિ-બજેટ નિયત કરી સરકારશ્રીને દરખાસ્ત કરવામાં આવે છે. મંજૂર થયેલ જોગવાઈ મુજબ યોજનાકીય કામગીરી માટે ઠરાવ થાય છે.
    - મંજૂર થયેલ જોગવાઈ મુજબ જીલ્લાઓને ભૌતિક અને નાણાંકીય લક્ષાંક ફાળવવામાં આવે છે. તથા ઠરાવમાં દર્શાવ્યા મુજબની યોજનાકીય કામગીરી કરવા જીલ્લા ખેતી અધિકારીશ્રીને જણાવવામાં આવે છે.
    - યોજના અંતર્ગત થયેલ ભૌતિક અને નાણાકીય લક્ષાંક પ્રગતિનું મોનીટરીંગ કરવામાં આવે છે.

# પ્રકરણ-૩ અધિકારીઓ અને કર્મચારીઓની સત્તાઓ અને ફરજો

| અ.નં. | અધિકારી/કર્મચારીનો હોદ્દો | નાણાંકીય સત્તા | વહીવટી સત્તા | અન્ય સત્તા | ફરજો |
|---|---|---|---|---|---|
| ૧. | અધિક ખેતી નિયામક (વિ.) | | | | યોજના અમલીકરણ |
| ૨. | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રિક) | | | | |
| ૩. | નાયબ ખેતી નિયામક (કપાસ) | | | | |
| ૪. | મદદનીશ ખેતી નિયામક (કપાસ) | | | | |
| ૫. | ખેતી અધિકારી (કપાસ) | | | | |

## પ્રકરણ-૪

## કાર્યો કરવા માટેના નિયમો, વિનિમયો, સૂચનાઓ, નિયમસંગ્રહ અને દફતરો

(૧) ગુજરાત સિવિલ સર્વીસ રૂલ્સ

(૨) સરકારશ્રીના ઠરાવ

(૩) એસ.ઓ.ફાઇલ

(૪) પરિપત્રો

## પ્રકરણ-૫

## નીતિ ઘડતર અથવા નીતિના અમલ સબંધી જનતાના સભ્યો સાથે સલાહ-પરામર્શ અથવા તેમના પ્રતિનિધિત્વ માટેની કોઇ વ્યવસ્થા હોય તો તેની વિગત

-----------નથી----------

## પ્રકરણ-૬

## જાહેર તંત્ર અથવા તેના નિયંત્રણ હેઠળની વ્યક્તિઓ પાસેના દસ્તાવેજોની કક્ષાઓ અંગેનુ પત્રક

--------નથી---------

## <u>પ્રકરણ-૭</u>

<u>યોજનાના ભાગ તરીકે રચાયેલી બોર્ડ, પરિષદ, સમિતિઓ અને અન્ય સંસ્થાઓનું પત્રક</u>

--------નથી----------

## <u>પ્રકરણ-૮</u>

## <u>જાહેર માહિતી અધિકારીનું નામ, હોદ્દો અને અન્ય વિગતો</u>

- શ્રી એમ. એસ. પ્રજાપતિ
  નાયબ ખેતી નિયામક (તેલીબીયાં)
  રૂમ નં-૩૧૧,પાક વિભાગ,
  ખેતી નિયામકશ્રીની કચેરી, કૃષિભવન,
  ચ-રોડ, સેક્ટર ૧૦-એ,
  સંપર્ક- ૦૭૯-૨૩૨-૫૬૧૫૫

# પ્રકરણ-૯

## નિર્ણય લેવાની પ્રક્રિયામાં અનુસરવાની કાર્યપધ્ધતિ

૧. નોંધ

૨. મુસદ્દો મંજૂર કરાવવો

૩. અમલીકરણ

૪. નિર્ણય લેનાર અંતિમ સત્તાધિકારી ખાતાના વડા છે.

નિર્ણય લેવાની સત્તા નીચે મુજબ છે.

ખેતી નિયામક

↑

અધિક ખેતી નિયામક

↑

સંયુક્ત ખેતી નિયામક

↑

નાયબ ખેતી નિયામક

↑

મદદનીશ ખેતી નિયામક

↑

ખેતી અધિકારી

↑

સિનીયર/હેડ કલાર્ક

# પ્રકરણ-૧૦

## અધિકારીઓ અને કર્મચારીઓની માહિતી પુસ્તિકા

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | હોદ્દો |
|---|---|---|
| ૧. | શ્રી ડી. વી. બારોટ | અધિક ખેતી નિયામક (વિ.) |
| ૨. | શ્રી આર. પી રાજપુત | સંયુક્ત ખેતી નિયામક (યાંત્રિક) |
| ૩. | શ્રી એમ.આર.પરમાર | ના.ખે.નિ (કપાસ) |
| ૪. | શ્રી એન. કે મહોરીયા | મદદનીશ ખેતી નિયામક (કપાસ) |
| ૫. | શ્રી એચ. જી. પટેલ | ખેતી અધિકારી |

# પ્રકરણ-૧૧

## વિનિયમોમાં જોગવાઇ કર્યા મુજબ મહેનતાણાની પધ્ધતિ સહિત દરેક અધિકારીઓ અને કર્મચારીને મળતુ માસિક મહેનતાણુ

| ક્રમ | અધિકારી અને કર્મચારીનુ નામ | પગાર |
|---|---|---|
| ૧. | શ્રી ડી. વી. બારોટ | ૩૭,૪૦૦- ૬૭,૦૦૦ (૮૯૦૦ ગ્રેડ પે) |
| ૨. | શ્રી આર. પી રાજપુત | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૭૬૦૦ ગ્રેડ પે) |
| ૩. | શ્રી એમ.આર.પરમાર | ૧૫૬૦૦-૩૯૧૦૦ (૬૬૦૦ ગ્રેડ પે) |
| ૪. | શ્રી એન. કે મહોરીયા | ૯૩૦૦-૩૪૮૦૦ (૫૪૦૦ ગ્રેડ પે) |
| ૫. | શ્રી એચ. જી. પટેલ | ૯૩૦૦-૩૪૮૦૦ (૪૪૦૦ ગ્રેડ પે) |

# પ્રકરણ-૧૨

## પ્રત્યેક સંસ્થાને ફાળવેલ અંદાજપત્ર

| યોજનાનુ નામ | બજેટ જોગવાઈ (૨૦૧૮-૧૯) (રૂ. લાખમાં) | મંજૂર થયેલ પ્લાન (૨૦૧૮-૧૯) (રૂ. લાખમાં) |
|---|---|---|
| બીટી કપાસનું ઉત્પાદન અને ઉત્પાદકતા વધારવા અંગેની યોજના | ૧૫૦.૦૦ | ૧૫૦.૦૦ |

# પ્રકરણ-૧૩

# સહાયકો કાર્યક્રમોના અમલ અંગેની પધ્ધતિ

### પરિશિષ્ટ-૧

### સામાન્ય શરતો અને બોલીઓ

આ યોજના બીટી કપાસ ઉગાડતા જીલ્લાઓમાં અમલ કરવાની રહેશે.

- આ યોજનાના નિયંત્રણ અધિકારી ખેતી નિયામકશ્રી રહેશે.
- આ યોજના ખેતીવાડી ખાતા દ્વારા ખેતી નિયામકશ્રીના નિયંત્રણ હેઠળ જિલ્લા કક્ષાએ જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અમલ કરવાની રહેશે.
- આ યોજનાના તમામ ઘટકોની અમલીકરણ પધ્ધતિ નિયત કરવા ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે .તેઓશ્રી અમલીકરણ પધ્ધતિ નક્કી કરેતે મુજબ અમલ કરવાનો રહેશે.
- આ યોજના ખેતી નિયામકશ્રીના અંકુશ હેઠળ રહેશે. આ યોજનાના અમલીકરણ બાબતમાં કોઇ મુદ્દો ઉપસ્થિત થાય તો તેમનો સંપર્ક સાધવાનો રહેશે.આ યોજનાની અમલીકરણ પધ્ધતિમાં ફેરફાર કરવાની જરૂરિયાત જણાય તો ખેતી નિયામાકશ્રી ફેરફાર કરી શકશે.
- ખેડુતોને સહાય સદર યોજના હેઠળ વ્યક્તીગત આપી શકાશે.
- એક ખેડુતને વધુમાં વધુ ૧ એકરની મર્યાદામાં સહાય આપવાની રહેશે.
- આ યોજનાના હેઠળના ઘટકોના સહાયના ધોરણો આ સાથેના પરિશિષ્ટ-૨ મુજબના રહેશે.
- વ્યક્તીગત સહાય માટે અરજીનો નમુનો આ સાથેના પરિશિષ્ટ-૩ મુજબ રહેશે.
- સદર ઇનપુટ માટે સંબધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા કીટ તૈયાર કરી વિતરક સંસ્થાઓ મારફત કિટ વિતરણ કરવાની રહેશે.
- જે ખેડુતોએ ગુજરાત રાજ્ય બીજ નિગમ ના બિયારણનો ઉપયોગ કર્યો હોય તેવા ખેડુતોને પ્રાધાન્ય આપવાનુ રહેશે.
- આ યોજના હેઠળ ગ્રાન્ટની ફાળવણી અને નાણાંકીય ચૂકવણી માટે નોડલ એજન્સી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજંસી  રહેશે..
- નોડલ એજન્સીને ગ્રાન્ટ ફાળવવા માટે ખેતી નિયામકશ્રીને અધિકૃત કરવામાં આવે છે.
- આ યોજના હેઠળ અમલીકરણ અધિકારી મળેલ અરજીઓ ચકાસણી કરી જરૂરી વિગતો સાથે, સહાય ચુકવણીની વિગતવાર દરખાસ્ત તૈયાર કરી, ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજંસીને રજુ કરવાની રહેશે અને જીલ્લા ખેતી અધિકારીને જાણ કરશે.
- નોડલ એજન્સી ગુજરાત રાજ્ય બીજ પ્રમાણન એજંસી, ખર્ચના હિસાબો સમયસર ખેતી નિયામકશ્રી, ગાંધીનગર ને મોકલવાના રહેશે.

- યોજનાના સર્વે ઘટકોનું સુચારૂ રૂપે આયોજન અને સમયબધ્ધ અમલીકરણ થાય તે માટે જિલ્લા કક્ષાએ સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) ની અધ્યક્ષતામાં નીચે મુજબની જિલ્લા કક્ષાની કમિટી એ જુદાજુદા ઘટકોમાં આપવાની થતી ઇનપુટ સામગ્રી અને તેની ઉપલબ્ધી થાય અને યોજનાનો સમયસર અમલ થાય તે સુનિશ્ચિત કરવાનુ રહેશે.

<u>જિલ્લા કક્ષાની કમીટી</u>

| | | |
|---|---|---|
| ૧ | સંયુક્ત ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | અધ્યક્ષશ્રી |
| ૨ | જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૩ | નાયબ ખેતી નિયામકશ્રી (વિસ્તરણ) | સભ્યશ્રી |
| ૪ | નાયબ ખેતી નિયામકશ્રી (તાલીમ) | સભ્યશ્રી |
| ૫ | કૃષિ યુનિવર્સિટીના જિલ્લાના નોડલ કૃષિ વૈજ્ઞાનિકશ્રી | સભ્યશ્રી |
| ૬ | સંબંધિત જિલ્લામાં કાર્યરત નીચેની સંસ્થાઓ પૈકી ઓછામાં ઓછી ૨ પ્રતિનિધિ,<br>GSSC Ltd, GAIC Ltd, NSC, GUJACOMASOL, GSFC, GNFC, IFFCO, KRIBHCO અને GGRC ના પ્રતિનિધિ | સભ્યશ્રી |

જે તે જિલ્લાની સ્થાનિક પરીસ્થિતી/જરૂરિયાતને ધ્યાને રાખી અધ્યક્ષશ્રી જરૂરીયાત મુજબ વધારાના સભ્યોને આમંત્રિત કરી શકશે.

- આ યોજનાના ઘટકો પૈકી ઇનપુટ સામગ્રી વિતરણ માટે ગુજરાત રાજ્ય બીજ નિગમ લિ. અને ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિ., એમ્પેનલ્ડ કંપનીઓ, GUJCOMASOL, GSFC, GNFC, IFFCO, KRIBHCO,SAU,s અને સહકારી સંસ્થાઓ વિગેરે સંસ્થાઓ પાસે ઉપલબ્ધ ઇનપુટ સામગ્રીનુ વિતરણ કરી શકાશે.
- ઉપરોક્ત કમીટી દ્વારા લાભાર્થી પંસંદ કરવા, સંસ્થાની પસદંગી કરવા,ઇનપુટ સામગ્રી નક્કી કરવા વિગેરે બાબતો સુનિશ્ચિત કરવા કમીટીની બેઠક ખરીફ સીઝન માટે જેતે વર્ષની ૧૫ મે પહેલા, રવિ સીઝન માટે ૧૫ સપ્ટેમ્બર પહેલા અને ઉનાળુ સીઝન માટે ૧૫ ડીસેમ્બર પહેલા ફરઝીયાત બેઠક બોલાવી કરેલ કાર્યવાહીની જાણ ખેતી નિયામકશ્રીને કરવાની રહેશે.

પરિશિષ્ટ – ૨

સહાયના ધોરણો

| અ. નં | ઘટકનું નામ | સહાયનું ધોરણ | રિમાર્ક્સ | ઘટકના પુન :લાભ મેળવવાની સમય મર્યાદા |
|---|---|---|---|---|
| ૧ | માઇક્રોન્યુટ્રીન્ટ | જનરલ ખેડુતો માટે: કિંમતના ૫૦% અથવા રૂ. ૨૦૦/- પ્રતિ એકર ની મર્યાદામાં અનુસુચિત જાતિ તથા જનજાતિના ખેડુતો માટે કિંમતના ૭૫% અથવા રૂ. ૩૦૦/- પ્રતિ એકર ની મર્યાદામાં | ખાતા દીઠ વધુમાં વધુ ૧ એકર માટે સંબધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા કીટ તૈયાર કરી ગુજરાત એગ્રો અને ગુજરાત રાજ્ય બીજ નિગમના અધિકુત વિક્રેતા/ સહકારી સંસ્થાઓ વિગેરે મારફત કિટ વિતરણ કરવાની રહેશે. | દર વર્ષે |
| ૨ | બાયોફર્ટીલાઇઝર | જનરલ ખેડુતો માટે: કિંમતના ૫૦% અથવા રૂ. ૧૨૦/- પ્રતિ એકર ની મર્યાદામાં અનુસુચિત જાતિ તથા જનજાતિના ખેડુતો માટે કિંમતના ૭૫% અથવા રૂ. ૧૮૦/- પ્રતિ એકર ની મર્યાદામાં | ખાતા દીઠ વધુમાં વધુ ૧ એકર માટે સંબધિત જિલ્લા ખેતીવાડી અધિકારીશ્રી દ્વારા કીટ તૈયાર કરી ગુજરાત એગ્રો અને ગુજરાત રાજ્ય બીજ નિગમના અધિકુત વિક્રેતા/ સહકારી સંસ્થાઓ વિગેરે મારફત કિટ વિતરણ કરવાની રહેશે. | દર વર્ષે |

## પરિશિષ્ટ-૩ ભાગ-૧(અરજીનો નમુનો)

અરજદારનું નામઃ-

ગામઃ-

તારીખઃ-

પ્રતિ, તાલુકા અમલીકરણ અધિકારી,
તાલુકા પંચાયત,________________

વિષયઃ- સહાય યોજનામાં ________________(ઘટકનું નામ) મેળવવા મંજુરી આપવા બાબત.

સવિનય ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે હું નીચે સહી કરનાર શ્રી ________________ ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-___________નો રહેવાસી અને અનુ. જાતી/અનુ. જનજાતી/અન્ય જાતીનો સિમાંત/નાનો/મોટો ખેડૂત છું. હું ખાતા નંબર________________ થી હે.______________આર_____________જમીન ધરાવું છું અને મારો આધાર કાર્ડ નં. ________________ છે. તેમજ _____________________________ બેંકમાં ખાતાનંબર___________________________ ધરાવું છું. મારા મોબાઇલ નં. ________________ છે. મે સમાન હેતું માટે ઘટક માટે આ યોજના કે સરકારશ્રીની કોઇપણ અન્ય યોજના હેઠળ અગાઉ નિયત કરેલ સમયમર્યાદામાં સહાય લીધેલ નથી તે અંગેની હું ખાત્રી આપુ છું. તો ઉપરોકત વિગતવાળા ઘટકની ખરીદ કરવાની મંજુરી આપવા નમ્ર વિનંતિ છે

ખેડૂતની સહી/અંગુઠો________________

સામેલ:

(૧) અનુ જાતિ/અનું જનજાતિનું પ્રમાણપત્ર(લાગુ પડતું હોય તો.)

(૨)I khedut Portal સિવાય અરજી કરેલ હોય તો ૮-અ ની નકલ

(3) બેંક પાસબુકની નકલઅને રદ કરેલ ચેક

## ભાગ-૨ (ગ્રામસેવકનું પ્રમાણપત્ર)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી __________________________________ગામઃ____________તાલુકો-__________ જિલ્લો-____________ના સિમાંત/નાનો/મોટો ખેડૂત ખાતેદાર છે તેમના ખાતા નંબરથી____________ હે. આર. જમીન ધરાવે છે. તેમને એજીઆર ( ) યોજનામાં સહાયથી મેળવવા____________ ઘટક માટે પાત્રતા ધરાવે છે/ધરાવતા નથી

સ્થળઃ-

તાઃ / /

ગ્રામસેવક

સેજોઃ- ________ તાલુકો__________જિ. _______

## ભાગ-૩(મંજુરી નો હુકમ) (ઓફીસ કોપી))

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે

શ્રી______________________________ગામઃ____________તાલુકો- _________ જિલ્લો-__________ એજીઆર ( ) યોજનામાં _______ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય ઘટકમાટે મંજુર/નામંજુર કરવા હુકમ કરવામાં આવે છે

સ્થળઃ-

તાઃ / /

સક્ષમ અધિકારી વિસ્તરણ અધિકારી/ એટીવીટી અધિકારી/જિખેઅ

તાલુકો_________જિ. ______

ભાગ-૪ (મળેલ ઇનપુટ/સાધનની વિગત)

| ઇનપુટની વિગત | જથ્થો | બીલ નંબર અને તારીખ | સામગ્રી જ્યાંથી મેળવેલ છે તે સંસ્થાની વિગત |
|---|---|---|---|
| | | | |
| | | | |
| | | | |

રૂબરૂ

વિસ્તરણ અધિકારી/ગ્રામસેવક,__________સેજો

તાલુકો-___________જિલ્લો-__________ ખેડૂતની સહી/અંગુઠો

ભાગ-પ (યોજના હેઠળની સહાયની રકમ ચુકવવા માટેનો આદેશ/હુંકમ)

આથી પ્રમાણપત્ર આપવામાં આવે છે કે શ્રી ________________________________ગામઃ____________તાલુકો-_________ જિલ્લો-___________ એજીઆર ( ) યોજનામાં _______ ઘટક સહાયથી ખરીદવાની માંગણી મુજબની અરજી સબબ તમામ વિગતો ચકાસવામાં આવી છે અને સહાય મેળવવા પાત્રતા ધરાવતા હોઇ નિયમોનુંસાર યોજનાકીય સહાય રૂ. _________ અંકે રૂપીયા __________________મંજુર કરવામાં આવે છે. આ લાભાર્થીના................................................... બેંકમાં એકાઉન્ટ નંબર.......................................... માં નોડલ એજન્સીએ સદર હું રકમ જમા કરાવવાની રહેશે.

સ્થળઃ-

તાઃ / /

તાલુકા અમલીકરણ અધિકારી/જિખેઅ

તાલુકો_________જિ. ______

પરિશિષ્ટ-૪

(બ) <u>વ્યકિતગત લાભાર્થી લક્ષી- એટસોર્સ સહાય હેઠળના ઘટકો માટે</u>

(૧) પૂર્વ મંજુરી મેળવી ઘટકના લાભ મેળવવાની  કાર્યપધ્ધતિ

(ક)ikhedut પોર્ટલ ઉપર રજીસ્ટર્ડ થયેલા ખેડૂતોએ પોતપોતાની બાયોમેટ્રીક ઓળખ આધારે ઓનલાઇન અરજી કરી બિજ નિગમ ગુજ. એગ્રો. ઇન્ડસ્ટીઝના પસંદગીના અધિકૃત /વિક્રેતાના નામે ઓનલાઇન મંજુરીપત્ર પ્રિન્ટ કરાવવાનું રહેશે

(ખ) અન્યથા અરજદારે નિયત નમુનામાં સબંધિત કચેરી ખાતે અરજી રજુ કરવાની રહેશે. કચેરીના અધિકૃત અધિકારી/કર્મચારીએ તા. ૨૦.૨.૨૦૧૪ના જી.આર. કમાંકઃપરચ-૧૦૨૦૧૪-૩૪-ક-૫ મુજબ દિન-૨ માં ikhedut પોર્ટલ એકાઉન્ટમાં પોતાના લોગઇન એકાઉન્ટમાં અરજીની ઓનલાઇન નોંધણી કરવાની રહેશે અને અરજદારની પસંદગીના ગુજરાત રાજ્ય બિજ નિગમ/ગુજ. એગ્રો.ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશનના અધિકૃત ડીલરના નામની પ્રિન્ટ આઉટ કાઢી અરજદારને મોકલી આપવાનો રહેશે

(ગ) એટ સોર્સ સહાય હેઠળના ઘટકો ખરીદવાની પધ્ધતિ

અરજદારે નિયત સમયમર્યાદામાં ડીલરના નામે મંજુરી પત્ર કઢાવેલ છે તે મંજુરીપત્રની એક નકલ રજુ કરી રાહતદર મુજબ ઇનપુટ/સાધન સામગ્રી નિયત સમય મર્યાદામાં ખરીદી શકશે. બિજ નિગમ/ગુજ. એગ્રો.ના અધિકૃત ડીલરે ikhedut પોર્ટલમાં તેઓના લોગઇન એકાઉન્ટમાં મંજુરીપત્ર નંબર, બીલ નંબર, તારીખ વિગેરેની દિવસ-૨ ઓનલાઇન નોંધણી કરવાની રહેશે.

<u>(૨) પૂર્વ મંજુરી મેળવ્યા સિવાય ઘટકના લાભ મેળવનાર લાભાર્થીઓ માટેની કાર્યપધ્ધતિ</u>

જો કોઇ પાત્રતા ધરાવતા લાભાર્થીએ મંજુરી પત્રક વગર ઉપરોક્ત ઘટકો પ્રમાણેની ચીજ વસ્તુઓ મેળવવા બિજ નિગમ/ગુજ. એગ્રો.ઇ ન્ડસ્ટ્રીઝ કોર્પોરેશના અધિકૃત ડીલરનો સંપર્ક કર્યો ત્યારે તે ડીલરે જિલ્લા કક્ષાના સક્ષમ અધિકારીએ સંબંધિત ઘટક માટે ફાળવેલ લક્ષ્યાંકની મર્યાદામાંએટસોર્સ સહાય હેઠળના ઘટકોનું વેચાણકરી શકશે ત્યારબાદ ડીલરે તરત ikhedut પોર્ટલમાં પોતાના login એકાઉન્ટ લાભાર્થીની વિગતો , બીલનંબર, તારીખ, વસ્તુ વિ. ની ઓન લાઇન એન્ટ્રી કરવાની રહેશે,લાભાર્થીએ પાત્રતા પુરવાર કરવા ૮-અ ના દાખલાની નકલ અધિકૃત ડીલરને રજુ કરવાની રહેશે અને લાભાર્થીએ

ધારણ કરેલ જમીનની અથવા તો યોજનામાં નિયત કરેલ મર્યાદા પૈકી જે ઓછું હશે તે મર્યાદામાં સહાયની ચીજવસ્તું મેળવી શકશે.

(3) ગુજ. એગ્રો/સીડ કોર્પોરેશનના જે અધિકૃત વિક્રેતાઓએ એટસોર્સ સહાયવાળા ઘટકોનું વેચાણ કરેલ છે તેઓએ ikhedut પોર્ટલમાં પોતપોતાના login એકાઉન્ટ થકી પ્રિન્ટ આઉટ કઢાવી સબંધિત કચેરી ખાતે રજુ કરવાની રહેશે. સક્ષમ અધિકારીએ સહાયના કલેઈમ ચકાસણી કરી પ્રમાણપત્ર આપી સહી સિકકા સાથે ચુકવણા માટે નોડલ એજન્સીને મોકલવાના રહેશે

કબુલાત નામું

અમો શ્રી ..................................................................ગામ.......................તા.......................જિ..... ના અનુસુચિત જાતિ/ અનુસુચિત જન જાતિ/ અ ન્ય જાતિના સીમાંત/નાના/મોટા/સ્ત્રી/પુરૂષ ખેડૂત છીએ અને ૮-અ પ્રમાણે ...............હેક્ટર જમીન ધરાવીએ છીએ. વર્ષ ૨૦૧૭-૧૮ માં એટસોર્સ સહાયના ઘટક.................માં મેં આ અગાઉ અન્ય કોઇ ડીલર કે આપની પાસેથી સહાય મેળવેલ નથી. તેની કબુલાત આપુ છું. જો અમારા દ્વારા નીતિ નિયમો કરતા વધારે જથ્થો મેળવવામાં આવેલ હશે તો તેની થતી સહાયની રકમ ભરપાઇ કરવા અમેં બંધાયેલ છીએ.

તા-......................

સ્થળ-.......................

ખેડૂતની સહી.

## પ્રકરણ-૧૪

## આવેલ રાહતો, પરમિટ કે અધિકૃત મેળવનારની વિગતો

---માહિતી શુન્ય છે.---

## પ્રકરણ-૧૫

## કાર્યો કરવા માટે નક્કી કરેલા ધોરણો

-----------નથી----------

## પ્રકરણ-૧૬ વીજાણુરૂપે ઉપલબ્ધ માહિતી

વખતોવખત એગ્રી સેન્સસ યોજનાનો અહેવાલ ઇન્ટરનેટ/ખાતાની વેબસાઇટ ઉપર મુકવામાં આવે છે.

## પ્રકરણ-૧૭

## માહિતી મેળવવા માટે નાગરિકોને ઉપલબ્ધ સવલતોની વિગતો

૧. નોટીસ બોર્ડ

૨. પ્રો-એક્ટીવ ડીસ્ક્લોઝર